# શું રાષ્ટ્રીય સુરક્ષાને લગતા મુદ્દાઓ સ્થાનિક લોકમત દ્વારા નક્કી કરવા જોઈએ?

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )

આમ આદમી પક્ષના એક વરિષ્ઠ નેતાએ કાશ્મીરની ખીણમાં લશ્કરની હાજરી રાખવી કે કેમ તે મુદ્દો જનમત દ્વારા નક્કી કરવાનું સૂચન કર્યું છે. તે જ નેતાએ બે વર્ષ પહેલાં જમ્મુ કાશ્મીરના લોકો ભારત સાથે રહેવા માંગે છે કે કેમ તે નક્કી કરવા માટે એક લોકમત લેવાનું સૂચવ્યું હતું .

સરદાર વલ્લભભાઈ પટેલે ભારત દેશ સાથે રજવાડાઓના વિલીનીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જો કે, જમ્મુ અને કાશ્મીરની બાબત તેમાં એક અપવાદ હતી. જવાહર લાલ નહેરુ દ્વારા તે બાબત નક્કી કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીર મામલે થયેલા ગેરવહીવટના માઠા પરિણામો આજે પણ આપણે ભોગવી રહ્યા છીએ. તે વખતે વિશેષ દરજ્જાની બાબતને ધ્યાનમાં લેવામાં આવી હતી. નહેરુએ જનમત માટે સૂચન કર્યું હતું. જો કે ભારતમાં જોડાયેલા અન્ય રજવાડા માટે તે બાબત લાગુ કરાઈ ન હતી. પાકિસ્તાન દ્વારા ગેરકાયદે કબજો ધરાવતા પ્રદેશ સાથે સંકળાયેલી બાબતો અંગે ભારે મુશ્કેલી વચ્ચે પાકિસ્તાન દ્વારા આંતરરાષ્ટ્રીય તખતે તેના માટે જનમત લેવાનો મુદ્દો ઊઠાવ્યો હતો. જનમતનો મુદ્દો લાંબા સમય સુધી આંતરરાષ્ટ્રીય કાર્યસૂચિમાં ખાસ કરીને સંયુક્ત રાષ્ટ્રસંઘ અથવા તો ભારત-પાકિસ્તાન દ્વિપક્ષીય મંત્રણાનો ભાગ રહ્યો.

ભારતના સંરક્ષણનો મુદ્દો ફક્ત કેન્દ્ર સરકારને આધીન છે. તે રાજ્યનો વિષય કે મ્યુનિસિપલ સ્તરનો વિષય નથી. ભારતના સાર્વભૌમત્વની જાળવણીમાં કેન્દ્ર સરકારની જવાબદારી છે.

ભારતની મુખ્ય ચિંતા પોતાની સર્વોપરિતા અને અખંડિતતાના રક્ષણની છે. કાશ્મીર વિભાજન પાકિસ્તાનના અપૂર્ણ એજન્ડાનો એક ભાગ છે. કાશ્મીર ભારતનું આવિભાજ્ય અંગ હોવા અંગે પાકિસ્તાનને સમાધાન નથી. આ મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાના પાકિસ્તાનના પ્રયત્ન નિષ્ફળ ગયા. પરંપરાગત યુદ્ધમાં પરાજયની પછડાટ ખાધા છતાં પાકિસ્તાન છેલ્લા અઢી દાયકામાં તે ક્રોસ બોર્ડર આતંકવાદ દ્વારા પ્રોક્સી યુદ્ધ ખેલી રહ્યું છે.

તમામ મુદ્દાઓ 'ઈન્સાનીયત'ના માળખામાં ઉકેલવાની જાહેરાત શ્રી અટલ બિહારી વાજપેયીએ અગાઉ કરી હતી તે બાબતે ભાજપ વચનબધ્ધ છે. તેનો હેતુ આતંકવાદ-વિરોધી વ્યૂહ અપનાવવાની સાથોસાથ જમ્મુ અને કાશ્મીરના લોકોને માળખાકીય સુવિધાઓ, આરામ અને શાંતિદાયક એવું એક ઉચ્ચ ગુણવત્તાસભર જીવન પૂરૂં પાડવાનો છે. જમ્મુ અને કાશ્મીરના લોકોના રક્ષણ માટે લશ્કરની હાજરી જરૂરી છે.

પાકિસ્તાન કેટલાક અલગતાવાદી જૂથો તરફી માંગ રજૂ કરતી આવી છે. તે રાષ્ટ્રીય મહત્વાકાંક્ષા ધરાવતા પક્ષ - આમ આદમી પાર્ટી માટે ભારતના હિતો વિરૂધ્ધ વિચારવાનું ખેદજનક છે . રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ લોકમત દ્વારા નક્કી કરી શકાય નહિ. આતંકવાદને ડામવા જમ્મુ કાશ્મીરમાં સૈન્યની હાજરી જરૂરી છે.

આ છેલ્લા વિચાર સાથે મેં વર્તમાન પરિસ્થિતિ માટે ક્ષણિક પ્રતિક્રિયા વ્યક્ત કરી છે, જે રાજકીય પક્ષો માટે વિચારધારા બની શકે છે. આ મુદ્દો ગંભીર ચિંતાની બાબત બની શકે છે. વિવિધ વિષયો પર આમ આદમી પક્ષ ની વિચારધારા સ્પષ્ટ નથી. તેના નેતાઓ ભારતના સુરક્ષા મુદ્દાઓ પર તેમજ એરપોર્ટ અને કુદરતી સંસાધનોના રાષ્ટ્રીયકરણ અને સબસિડી

જેવા મામલે નબળો અભિગમ અપનાવે છે. તેનાથી કરવેરા વધશે.છેલ્લા દસ દિવસમાં આવું જ જોવા મળ્યું છે. હું આશા રાખું કે તે પક્ષ પોતાનો અભિગમ ભવિષ્યમાં બદલશે. નહિતર અધોગતિની દિશામાં ઝડપી આગેકૂચ થશે.